# દિવાળી વેકેશનમાં ગોવા-રાજસ્થાન હોટ ફેવરીટ

## શાળાઓમાં ૨૦ ઓક્ટોબરથી ૯મી નવેમ્બર સુધી દિવાળી વેકેશન મળતા વાલીઓ હવે પ્રવાસની ઈન્કવાયરીઓમાં વ્યસ્ત થયા ખાનગી ટૂર-ટ્રાવેલ્સમાં આ વર્ષે આબુ, જયપુર, ગોવા, સાસણ, દીવ, સાપુતારા, સૌરાષ્ટ્ર, સ્ટેચ્યુ ઓફ યુનિટી હોટ ફેવરિટ

ગાંધીનગર, તા. ૧૬ દિવાળીના તહેવારોમાં પ્રવાસી અને ધાર્મિક સ્થળોની મુલાકાતે મોટી સંખ્યામાં નાગરિકો સપરિવાર જતા હોય છે. કોરોના કાળના બે વર્ષ બાદ આ વર્ષે દિવાળી ધાર્મિક સ્થળો તેમજ પ્રવાસન મથકોએ મનાવવા માટે નાગરિકોએ એડવાન્સ બુકિંગ કરાવી દીધા છે. આબુ, જયપુર, ગોવા, સાસણ, દિવ, સાપુતારા, સૌરાષ્ટ્ર, સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા ટૂંકા પ્રવાસ માટે નાગરિકોએ બુકિંગ કરાવી દીધા છે. દિવાળી વેકેશનમાં ફરવા જવાનો નાગરિકોમાં મૂડ સર્જાયો પણ માત્ર ટૂંકા પ્રવાસમાં રસ જોવા મળી રહ્યો છે. ટ્રાવેલ્સ એજન્ટોના જણાવ્યા મુજબ ગાંધીનગરાઓ દિવાળી વેકેશન માણવા માટે ઉપરોક્ત સ્થળોની પસંદગી કરવામાં આવી છે. આ વર્ષે ટિકિટના ભાવમાં પણ વધારો નોંધાયો છે. આ સાથે જ એસટી બસો અને ટ્રેનમાં પણ દિવાળી વેકેશનમાં નાગરિકોનો ભારે ધસારો જોવા મળશે.

શાળાઓમાં દિવાળી વેકેશનને લઈને સરકારે મહત્વની જાહેરાત કરી છે. રાજ્યની શાળાઓમાં ૨૧ દિવસોનું દિવાળી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. ૨૦ ઓક્ટોબરથી ૯ નવેમ્બર સુધી શાળાઓમાં દિવાળી વેકેશન રહેશે. શાળામાં વેકેશનની તારીખ જાહેર થવાથી હવે વાલીઓ રજાઓ ગાળવા માટે ટ્રેન, પ્લેન, ટ્રાવેલ્સ, હોટલનું બુકિંગ કરાવી રહ્યા છે.

ઈન્ટરનેશનલ પ્રવાસન સ્થળોમાં બાલી, દુબઈ, થાઈલેન્ડ, આંદામાન-નિકોબાર, કેરળમાં સૌથી વધારે ઈન્કવાયરી કરવામાં આવી રહી છે. પ્રવાસીઓ મિડલ ઈસ્ટના કેટલાંક નવાં ડેસ્ટિનેશન પણ એક્સપ્લોર કરી રહ્યા છે. દુબઈમાં કેટલીક સારી હોટલના બુકિંગ તો ફુલ થવા આવ્યાં છે. આ ઉપરાંત સિંગાપુર-ક્રુજની સાથે સાથે નવા ડેસ્ટિનેશન તરીકે બાલી ટાપુના બુકિંગ થઈ રહ્યા છે. જ્યાં સારી હોટલ અને બીચ ઉપલબ્ધ છે. જે પ્રવાસીઓને આકર્ષી રહ્યા છે. કેટલાક પ્રવાસીઓ સામાન્ય રીતે છેલ્લે બુકિંગ કરાવતા હોય છે તેઓ હવે વહેલા બુકિંગ કરાવી રહ્યા છે. દિવાળીના પર્વો ટૂંકા એટલે કે પાંચથી સાત દિવસનો સમયગાળો મળતો હોઈ નજીકના સ્થળો કે દેશો પર પસંદગી ઉતારવામાં આવી છે.



### સરકારી કર્મચારીઓને પ્રવાસનો નૈસર્ગિક આનંદ નહિ મળે

પાટનગર જેને કર્મચારી નગર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નગરમાં સરકારી કર્મચારીઓનો સૌથી મોટો વર્ગ રહે છે. દિવાળી વેકેશનમાં આ વર્ષે સરકારી કર્મચારીઓને ચૂંટણીના કારણે એલટીસી મળવું મુશ્કેલ છે. તેથી આ વર્ગ ટૂંકા પ્રવાસ માણી શકશે. દિવાળી બાદ ગુજરાત રાજ્યમાં ચૂંટણી આયોજિત થવા જઈ રહી છે તે અનુસંધાને સરકારી કર્મચારીઓને દિવાળી બાદ આ કામગીરીઓમાં વ્યસ્ત બનવુ પડશે. તેથી આ વર્ષે દિવાળી વેકેશન માટે કર્મચારી વર્ગ નૈસર્ગિંક આનંદમાં નથી.

# આજે પડતર પ્રશ્નો નહીં ઉકેલાય તો અધ્યાપકો ઉપવાસ પર ઉતરશે

## આજે સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકોએ જો તા.૨૦ ઓક્ટોબર સુધીમાં જો સરકાર ઉકેલ નહીં લાવે તો બિનશૈક્ષણિક કાર્યોથી અળગા રહેશે તેવી ચેતવણી આપી

ગાંધીનગર, તા. ૧૬ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણીઓ ઢુંકડી આવી રહી છે ત્યારે વિવિધ સમાજ, સમુદાયો ઉપરાંત સરકારના વિવિધ વિભાગોના કર્મચારીઓ પણ તેમની સમસ્યાઓ, માંગો અને પડતર પ્રશ્નોના ઉકેલ માટે રાજ્ય સરકારનું નાક દબાવવાનો કિમિયો અજમાવી રહ્યાં છે. સરકારે કેટલાંક વિભાગોના કર્મચારીઓના પ્રશ્નો અંગે બેઠકો યોજીને માંગ કરી રહેલાં કર્મચારીઓને મનાવી લેવાં હવાતિયાં મારી રહી છે. રાજ્યની સરકારી ઈજનેરી કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપકોના ઘણા પ્રશ્નો ખુબજ લાંબા સમયથી પડતર છે અને તેની ગુજરાત રાજ્ય સરકારી ઈજનેરી કોલેજ શૈક્ષણિક રાજ્યપત્રિત અધિકારી મંડળ દ્વારા મુખ્યમંત્રી, નાણામંત્રી, શિક્ષણમંત્રી, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ, ટેકનિકલ શિક્ષણ વિભાગના નિયામક જેવા સ્તરે સમયાંતરે રજુઆતો કરવામાં આવી ચુકી છે. જો સોમવાર સાંજ સુધીમાં આ પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો મંગળવારે અધ્યાપકો કાળા કપડા, કાળી પટ્ટી ધારણ કરીને સુત્રોચાર તેમજ રામધુનની સાથે પ્રતિક ઉપવાસ કરી વિરોધ વ્યક્ત કરશે અને તેમ છતાં તા.૨૦ ઓક્ટોબર સુધીમાં જો સરકાર ઉકેલ નહીં લાવે તો બિનશૈક્ષણિક કાર્યોથી અળગા રહેશે તેવી ચેતવણી અધ્યાપક મંડળે ઉચ્ચારી છે.

રાજ્યની સરકારી ઈજનેરી કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપકોના પડતર પ્રશ્નો બાબતે વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી ચુકી હોવા છતાં પરંતુ કોઈ સકારાત્મક અને સુખદ ઉકેલ આવી રહ્યો હોય તેવું જણાતું નથી. વર્ષોથી પડતર પ્રશ્નો બાબતે કોઈ હકારાત્મક ઉકેલ ન આવતાં રાજ્યની તમામ સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકો ગત તા. ૧૨મી સપ્ટેમ્બરથી ગાંધી ચિંધ્યા માર્ગે વિવિધ કાર્યક્રમ યોજી રહ્યાં છે. આ પ્રસંગે શિક્ષણમંત્રી તરફથી તા. ૧૦મી ઓક્ટોબર સોમવારના રોજ ટેકનિકલ શિક્ષણ વિભાગની ગાંધીનગર ખાતેની કચેરીના અધિકારીઓની હાજરીમાં અધિકારી મંડળના હોદ્દેદારો સાથે મીટીંગ કરી પ્રશ્નોના ઉકેલ હેતુ ચર્ચા કરી સમય મર્યાદામાં નિરાકરણ લાવવા બાહેંધરી આપી હતી જે બાહેંધરીના કારણે જ સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકોનો તા.૧૧મી ઓક્ટોબરનો પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો. જોકે આ પછી આજદિન સુધી ચર્ચા થયેલ પ્રશ્નો પૈકી કોઈપણ પ્રશ્નનું નિરાકરણ આવી રહ્યું હોય તેમ જણાતું ન હોવાથી સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકોમાં ભારોભર નિરાશા વ્યાપી છે. હવે ગુજરાત વિધાનસભાની ચુંટણી જાહેર થવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે અધિકારી મંડળ દ્વારા આગામી તા.૧૭મી ઓક્ટોબર સોમવારે સાંજ સુધીમાં જો કોઈ હકારાત્મક ઉકેલ નહી આવે તો આવા રાજ્યની તમામ સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપકો તા. ૧૮મી ઓક્ટોબર મંગળવારના રોજ કાળા કપડા, કાળી પટ્ટી ધારણ કરીને સુત્રોચાર તેમજ રામધુનની સાથે પ્રતિક ઉપવાસ કરી પોતાની નારાજગી વ્યક્ત કરશે. આ સાથે તમામ પ્રકારની ચુંટણી સિવાયની બિન શૈક્ષણિક કામગીરીનો બહિષ્કાર ચાલુ રાખશે. અને જો તા. ૨૦મી ઓક્ટોબર સુધીમાં પડતર પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ નહી આવે તો ત્યારબાદ વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ભોગે કોઈપણ સરકારી કાર્યક્રમમાં સોપવામાં આવતી ફરજોનો બહિષ્કાર કરશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## ગૂજરાત વિદ્યાપીઠના હિન્દીભવન દ્વારા ગુજરાતી પ્રબોધ અને ગુજરાતી વિનય લેખિત-મૌખિક પરીક્ષાઓ લેવાઈ



ગાંધીનગર, તા. ૧૬ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગૂજરાત હિન્દી હિન્દુસ્તાની પ્રચાર સમિતિ, હિન્દીભવનના નિયામક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતી પ્રબોધ અને ગુજરાતી વિનયની લેખિત તેમજ મૌખિક પરીક્ષાઓ લેવાઈ જેનો મૂળ આશય માતૃભાષાનો બહોળો પ્રચાર-પ્રસાર થાય. કુલ ૪૨ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેઠા હતા. પ્રા. જગદીશ મહિડા અને પ્રા. હબીબ ડૈરેયાએ મૌખિક પરીક્ષા લીધા જ્યારે દેવાંશી નાયક, પિયૂષ શાહ અને જયેશ પટેલે લેખિત પરીક્ષાનું નિરીક્ષણ કાર્ય કર્યુ હતુ.

